
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 37 • Dt. 09-06-2025 • Monday • Rs.5-00 • • Page-4

### મોદીએ 'X' પર ૫૧ સેકન્ડનો વિડીયો પોસ્ટ કર્યો

# પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા

## મહિલાઓ માટે શરૂ કરાયેલી જન કલ્યાણકારી યોજનાઓથી મહિલાઓના જીવનમાં ઘણો બદલાવ આવ્યો



નવી દિલ્હી

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. પ્રધાનમંત્રી મોદીના કાર્યકાળ દરમિયાન મહિલાઓ માટે શરૂ કરાયેલી જન કલ્યાણકારી યોજનાઓથી મહિલાઓના જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ૫૧ સેકન્ડનો વિડીયો પોસ્ટ કર્યો છે અને કહ્યું કે, ૧૧ વર્ષમાં આપણી નારી શક્તિની સફળતા દેશવાસીઓ માટે એક મોટી વાત છે જેને લઈને દરેક વ્યક્તિ ગર્વ અનુભવે છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, ઉજ્જ્વલા યોજના હેઠળ લાખો મહિલાઓને મફત LPG કનેક્શન મળ્યા, જેનાથી તેમની જીવનશૈલીમાં સુધારો થયો છે. 'બેટી બચાઓ બેટી પઢાઓ' અભિયાને લિંગ સમાનતા અને છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજનાએ સ્વરોજગાર માટે મહિલાઓને સરળ લોન આપીને આર્થિક સશક્તિકરણમાં વધારો કર્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહિલાઓના નામે મકાનની માલિકી આપવાથી તેમની સામાજિક સુરક્ષા વધુ મજબૂત બની છે.

આ બધી યોજનાઓથી મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યો છે અને સામાજિક તેમજ આર્થિક તરફનો માર્ગ પણ ખુલી ગયો છે.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું કે, 'આપણી માતાઓ, બહેનો અને પુત્રીઓએ એવો યુગ પણ જોયો છે કે જેમાં તેમને દરેક પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જો કે, આજે તેઓ માત્ર વિકસિત ભારતના સંકલ્પમાં ભાગીદારી જ નથી આપી રહી પણ શિક્ષણ અને વ્યવસાયથી લઈને દરેક ક્ષેત્રમાં પ્રેરણા બની રહી છે.

છેલ્લા ૧૧ વર્ષોમાં અમારી નારી શક્તિની સફળતાઓ દેશવાસીઓને ગૌરવ અપાવે તેવી રહી છે.

# મણિપુરમાં ફરી તણાવઃ ૫ જિલ્લામાં કરફ્યુ અને ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ

## મણિપુરમાં મૈતેઇ નેતાઓની ધરપકડ બાદ ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા હતા

મણિપુર

મણિપુરમાં ફરી એકવાર સ્થિતિ તણાવપૂર્ણ બની રહી છે. અહેવાલ છે કે મૈતેઇ નેતાઓની ધરપકડ બાદ ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા હતા.

પરિસ્થિતિને જોતા, મણિપુર સરકારે રાજ્યના ઇમ્ફાલ પશ્ચિમ, ઇમ્ફાલ પૂર્વ, થૌબલ, કાકચિંગ અને વિષ્ણુપુર એમાં પાંચ જિલ્લાઓમાં પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે. આ સાથે જ આ જિલ્લાઓમાં વધુ લોકોને એકઠા થવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજ્યમાં વધતા તણાવ અને અફવાઓથી બચવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારને આશંકા છે કે કેટલાક લોકો સોશિયલ મીડિયા પર ભડકાઉ સંદેશાઓ અને ખોટા સમાચાર ફેલાવીને વાતાવરણ બગાડી શકે છે. સરકારના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આનાથી લોકોના જીવને જોખમ, સંપત્તિને



નુકસાન અને સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે છે. તેથી, મોબાઈલ ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા એપ્સ, VPN, ડોંગલ જેવી સેવાઓ રાત્રે ૧૧:૪૫ વાગ્યાથી બંધ કરી દેવામાં આવી છે."

મીડિયા રિપોર્ટ્સ અનુસાર શનિવારે મોડી રાત્રે મૈતેઇ નેતા અરંબાઇ ટેંગોલની ધરપકડ કરવામાં આવતા ઇમ્ફાલ પૂર્વ અને પશ્ચિમ જિલ્લામાં ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. આ પછી, વહીવટીતંત્રે પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા અને અફવાઓને કાબુમાં લેવા માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો. આ સાથે, વહીવટીતંત્રે જનતાને શાંતિ જાળવવા અને કોઈપણ ભ્રામક માહિતી પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે.

### પિનકોડ હવે ભૂતકાળ બની જશે!

# DIGI પિનકોડ બનાવ્યા બાદ સરનામું આપવાની જરૂર નહીં રહે

નવી દિલ્હી

તમારુ ઘર ક્યાં છે, એડ્રેસ મળતું જ નથી જેવી ફરિયાદ સાથે હવે તમને કોઈનોય ફોન આવશે નહિ. આ કમાલ છે DIGI પિનની. હા, ભારત સરકારના પોસ્ટલ ડિપાર્ટમેન્ટે હવે ડીજીપિન વિકસાવી છે. તેમાં દરેક વ્યક્તિ પોતાના ઘર અને ઓફિસનો અલગ ડીજીપિન જનરેટ કરી શકશે. આ ડીજીપિનને કારણે ઘર અને ઓફિસનું એક્ઝેટ લોકેશન જોઈ શકાશે. એડ્રેસ શોધવા માટે કોઈને પણ પૂછવાની જરૂર ઊભી થશે નહિ. એકવાર તમે તમારો ડીજીપિન ડેવલપ કરી લેશો તો પછી પોસ્ટલ એડ્રેસમાં તમારે પિનકોડ લખવાની જફા પણ કરવી પડશે નહિ. આ ડીજીપિનના ૧૦ અક્ષરના આલ્ફાન્યુમરિક કોડની મદદથી તમારા ઘરનું એકદમ ચોક્કસ લોકેશન જાણી શકાશે.

ભારત સરકારના પોસ્ટ ડિપાર્ટમેન્ટે ડીજીપિન ડેવલપ કરી છે. તેની પાછળનો મૂળભૂત હેતુ તમારી કોઈપણ વસ્તુની ડિલીવરી એકદમ સરળતાથી થઈ જાય તે જોવાનો છે. એડ્રેસ શોધવા માટે કોઈને પૂછવાની કે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની તકલીફથી છુટકારો મળશે.

ડીજીપિન ૧૦ અક્ષર આલ્ફાન્યુમરિક કોડ એટલે કે અને આંકડા અને અક્ષરનો મિક્સ કોડ છે. આ કોડ પ્રોપર્ટીનું અત્યંત ચોકસાઈપૂર્ણ લોકેશન બતાવે છે. અત્યાર સુધી ચાલી રહેલી પિનકોડ સિસ્ટમમાં બહુ જ મોટા એરિયામાં આવેલી મિલકતોમાંથી તમારી મિલકત કઈ છે તે શોધી કાઢવાની ઝંઝટ કરવી પડતી હતી. હવે ડીજીપિનથી ઘર કે ઓફિસનો એક્ઝટ લોકેશન જાણી શકાય છે.

ડીજીપિન જનરેટ કરવા માટે સરકારની વેબસાઈટ પર જઈને તેના પર તમારા ઘરનું કે ઓફિસનું લોકેશન શોધી કાઢીને તમે પોતે જ તમારો યુનિક કોડ જનરેટ કરી શકશો. યુનિક કોડ જનરેટ થઈ ગયા પછી દૂરસુદૂરના કે ગામડાંના અંતરિયાળ વિસ્તારમાં પણ ઘર શોધવામાં તકલીફ પડશે નહિ.

ઓનલાઈન શોપિંગ કરનારા, લોજિસ્ટિકની એટલે કે માલની હેરફેર કરવાની સેવા પૂરી પાડનારાઓ અને કોઈ ઈમરજન્સીમાં કોઈને ફોન કર્યો હોય તો ૧૦૮ જેવી સુવિધા આપનારાઓને ઘર કે ઓફિસ કે જે તે લોકેશન શોધી કાઢવામાં જરાય તકલીફ પડશે નહિ. એડ્રેસ પર ડિલીવરી કરવામાં અત્યારે જે ભૂલ થાય છે તે ભૂલ થવાની સંપૂર્ણપણે અટકી જવાની સંભાવના છે.

ઓનલાઈન વસ્તુની ખરીદી કરનાર ડીજીપિન આપી દે તો તેમણે મંગાવેલા પ્રોડક્ટ્સની ડિલીવરી બીજે થવાની સંભાવના નહિવત થઈ જશે. ડિલીવરી આપવાની કામગીરી ઝડપી બની જશે. ડીજીપિન રાષ્ટ્રીય સ્તરની જિયો (ભોગોલિક વિસ્તારના કોડ)કોડેડ એડ્રેસ સિસ્ટમ છે. ડીજીપિન વાસ્તવિક લોકેશનની એકદમ નજીક એટલે કે દસથી પંદર ફૂટ સુધીના અંતરે પહોંચાડી શકશે.

## તંત્રીની કલમે................

# પાક પર ગ્રહણની ચીની ચાલ


Editor- Nilay H. Mehta

અમેરિકામાં બે ચીની નાગરિકોને રોગાણુંની તસ્કરીમાં સંડોવાયેલા મળવા એ વાતના સ્પષ્ટ પ્રમામ છે કે દુનિયામાં અસ્થિરતા ફેલાવવા માટે ચીન ખતરનાક પ્રયોગો કરી રહ્યું છે. આ બે ચીની નાગરિકોને અમેરિકામાં 'ફ્યુજેરિયમ ગ્રેમિનીરમ' નામના રોગાણું કવકની તસ્કરી કરી હતી, જે પાકને નષ્ટ કરી નાખે છે. તેનાથી અમેરિકાએ ખાદ્યાન્ન સંકટનો સામનો કરવો પડી શકતો હતો અને અર્થવ્યવસ્થા પર દબાણ વધી શકતું હતું. અમેરિકામાં આ ષડયંત્રનો પર્દાફાશ થઈ ગયો. શું ચીને અન્ય દેશોમાં ખેતીવાડીને નિશાનો બનાવવા માટે આવા પ્રયોગ નહીં કર્યા હોય? કોરોના વાયરસના પ્રસાર બાદ ચીને આખા મામલા પર ઢાંકપિછોડો કરવાની કોશિશ કરી હતી. કેટલાય વિશેષજ્ઞો તો એ વાતે શંકા વ્યક્ત કરે છે કે કોવિડ-૧૯ રૂપે ચીન એક ઘાતક જૈવિક હથિયાર બનાવવા પર કામ કરી રહ્યું હતું, પરંતુ કોઈ દુર્ઘટના કે અસાવધાનીને કારણે તે પ્રયોગશાળામાંથી બહાર આવી ગયો હતો. જ્યારે ચીની સરકારને ખબર પડી કે કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે, તો તેણે સદ્ભાવના તરીકે દુનિયાને સચેત કરવાને બદલે પોતાના નાગરિકોને વિભિન્ન દેશોમાં મોકલ્યા હતા. તેનાથી વાયરસે મોટી મહામારીનું રૂપ લીધું હતું. શું ચીન એક વખત ફરી કંઈક આવું કરવાનું વિચારી રહ્યું છે? અમેરિકામાં ચીની નાગરિકોએ 'ફ્યુજેરિયમ ગ્રેમિનીરમ' નામના જે રોગાણુ કવકની તસ્કરી કરી, તેને વૈજ્ઞાનિકોએ કૃષિ આતંકવાદનું હથિયાર ગણાવ્યું છે. જો તેનો આ મનસૂબો સફળ થઈ જાત તો તેણે એક પણ ગોળી ચલાવ્યા વિના અમેરિકાને અબજોનું નુક્સાન કરાવ્યું હોત. ૨૦૨૦માં જ્યારે કેટલાય દેશોમાં કોરોના વાયરસનો પ્રસાર થઈ ગયો હતો, ત્યારે એવા વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં ચીની નાગરિક ફળો, શાકભાજી અને ખાનપાન સાથે જોડાયેલી ચીજો પર થૂકતા જોવા મળ્યા હતા. દાવો કરવામાં આવ્યો હતો કે આ સામગ્રી વિદેશોને નિકાસ કરવામાં આવી હતી. એ વીડિયોથી એવા કયાસોને બળ મળ્યું હતું કે ચીની નાગરિક જાણીજોઈને એવી કોશિશો કરી રહ્યા હતા, જેથી વિદેશોમાં પણ લોકો સંક્રમિત થઈ જાય. એ દરમ્યાન વિદેશોમાં કેટલાય લોકોએ અજ્ઞાત શખ્સ દ્વારા તેમના સરનામા પર ચીની ભાષામાં પુસ્તકો, પત્ર વગેરે મળવાનો દાવો કર્યો હતો, જેને ખોલ્યા બાદ તેઓ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા હતા! માણસો અને ઝાડવાંને સંક્રમિત કરીને નુક્સાન પહોંચાડવાનાં ગતકડાં નવાં નથી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મનીએ એવી કોશિશ કરી હતી. તેણે બ્રિટનમાં બટાટાનો પાક નષ્ટ કરવા માટે ખેતરોમાં કોલોરાડો બીટલ નામના કીડા છોડી દીધા હતા. તેમના માટે વિમાનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે જર્મનીને વધુ સફળતા નહોતી મળી. જો મોટી સંખ્યામાં કીડા છોડવામાં આવ્યા હોત તો બ્રિટનમાં ખાનપાનનું સંકટ વિકરાળ રૂપ લઈ શકતું હતું. એ કોશિશોમાં જાપાન પણ સામેલ હોવાનું કહેવાય છે, જે વિશ્વયુદ્ધ દરમ્યાન અમેરિકા અને સોવિયેત સંઘની તાકાત તોડવા માટે તેમના ખેતરોમાં ઘઉંનો પાક નષ્ટ કરવા માગતું હતું. જોકે અમેરિકા પહેલેથી સાવધાન હતું. તેણે પહેલાં જ એવા રોગાણુંઓનો જથ્થો એકઠો કરી રાખ્યો હતો, જે જાપાનમાં ચોખાના પાકને નષ્ટ કરી શકે. જો આજે ચીન એવા પ્રયોગ કરી રહ્યું છે તો એના પર કોઈને આશ્ચર્ય ન થવું જોઈએ.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### મોતનું મંજર જોઈ રુંવાડા ઉભા થઈ જશે

# પાંચ દિવસ પહેલા જ સગાઈ થઈ હતી, દુકાનમાં બેઠા બેઠા આવ્યો હાર્ટ એટેક

## યુવા વેપારી ઋષભ ગાંધીને હાર્ટઅટેક આવ્યો : બપોરે દુકાનમાં એટેક આવતા સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ



સુરત

ગુજરાતમાં જીમ, ગરબા અને ક્રિકેટ રમતી વખતે હાર્ટ એટેકથી મૃત્યુની ઘટનાઓ બાદ હવે સુરતમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. પાંચ દિવસ પહેલા એક કાપડ ઉદ્યોગપતિની સગાઈ થઈ હતી. આ પછી પરિવારમાં ખુશીનો માહોલ હતો પરંતુ કાપડ ઉદ્યોગપતિનું તેની દુકાનમાં હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું. ગુજરાતમાં હૃદયરોગના હુમલાની એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. સુરતમાં ખુરશી પર બેઠેલા એક યુવકે પીવાના પાણીની બોટલ ઉપાડી હતી પરંતુ તે પહેલાં તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા યુવકની પાંચ દિવસ પહેલા સગાઈ થઈ હતી. હૃદયરોગના હુમલાની ઘટના સમયે દુકાનમાં અન્ય ચાર લોકો હાજર હતા પરંતુ તેઓ કંઈ ખાસ કરી શક્યા નહીં. દુકાનમાં હાજર સ્ટાફે તાત્કાલિક કાર મંગાવી હતી પરંતુ યુવાનને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટના દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

માહિતી મુજબ, સુરતમાં કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા ઋષભ ગાંધી (ઉંમર ૨૭ વર્ષ) ની પાંચ દિવસ પહેલા સગાઈ થઈ હતી. આ કાર્યક્રમ પછી પરિવારમાં ખુશીનો માહોલ હતો. ઋષભ દુકાનમાં સ્ટાફ સાથે હાજર હતો. દુકાનમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને બીજી કેટલીક બાબતો વિશે વાત કરી રહ્યા હતા. પછી ખુરશી પર બેઠેલા ઋષભે પાણી પીવા માટે સામે રાખેલી પાણીની બોટલ ઉપાડી પરંતુ તેનું ઢાંકણ ખોલતા પહેલા જ તેને હાર્ટ એટેક આવ્યો. સ્થળ પર હાજર સ્ટાફે તાત્કાલિક ઝીંઈ આપીને તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ઋષભનું મોત નીપજ્યું.

હાર્ટ એટેકની આ ઘટના **CCTV**માં કેદ થયા બાદ, બધા ચોંકી ગયા છે કે ૨૭ વર્ષીય યુવકનું મૃત્યુ કેવી રીતે થયું? બીજી તરફ, પરિવારના સભ્યો આઘાતમાં છે, જ્યારે પરિચિતો આ ઘટના પર વિશ્વાસ કરી શકતા નથી. આ પહેલા પણ ગુજરાતમાં હાર્ટ એટેકના ઘણા કિસ્સાઓ નોંધાયા છે. સુરતની આ તાજેતરની ઘટનાએ ફરી એકવાર લોકોને હાર્ટ એટેકના ભય વિશે ચેતવણી આપી છે. હાર્ટ એટેકની આખી ઘટના થોડીક સેકન્ડમાં બની. નજીકમાં બેઠેલા મિત્રોને ઋષભની તબિયત બગડવાનો કોઈ સંકેત પણ મળ્યો નહીં.

# જુનાગઢમાં બાળક રમકડાના મોબાઈલનો LED બલ્બ ગળી ગયો

અમદાવાદ : છેલ્લા ઓગણીસ દિવસથી આમ થી તેમ અમારા બાળકની તકલીફની સારવાર માટે દોડી રહ્યા હતા, પણ છેલ્લે સાચી સારવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં જ મળી આ શબ્દો છે બાળકના પિતા જુનેદભાઇના. સુથારી કામ કરતા મંગરોળ, જુનાગઢના રહેવાસી એવા જુનેદ યુસુફ અને તબસ્સુમબેનના લાડકવાયા એવા ૯ માસના નાનકડા પુત્ર મોહમ્મદને છેલ્લા ૧૫ દિવસથી ઉધરસ આવતી હતી. જુનાગઢમાં બાળરોગ તજજ્ઞને બતાવતા તેનો છાતીનો એક્સ-રે કરાવતા તેમાં શ્વસનનળીમાં કાંઈક હોવાની માલુમ પડ્યુ હતુ. જુનેદ ભાઈને રાજકોટની ખાનગી હોસ્પિટલ દ્વારા વધુ તપાસની ભલામણ કરવામાં આવી પણ તેનો ખર્ચ તેમને પોષાય તેમ ન હોવાથી તેમના માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ આશાની કિરણ બની જ્યાં સારવાર અર્થે બાળક ને લઈ આવતા તારીખ ૩ જૂન, ૨૦૨૫ ના રોજ બાળકને પીડીયાટ્રીક સર્જરી વિભાગમાં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યુ. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોશી તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડૉ. નિલેશ અને તેમની ટીમ દ્વારા બાળકની બ્રોકોસ્કોપી કરી જમણી તરફ ની મુખ્ય શ્વાસનળીમાંથી એક એલઈડી બલ્બ સફળતાપુર્વક બહાર કાઢવામા આવ્યો. ઓપરેશન પછી બાળકની તબીયત ઝડપથી સુધરી રહી છે અને કોઈપણ બીજી તકલીફ વગર બાળક હવે સ્વસ્થ છે જેથી ટુંક સમય માં તેને હોસ્પિટલ માં થી રજા આપવામાં આવશે તેમ ડોક્ટરો એ જણાવ્યુ હતુ. સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની નિપુણતા અને નિષ્ઠાપુર્વકની સારવાર નો આ કિસ્સો ગરીબ દર્દીઓ માટે ઉપલબ્ધ સસ્તી અને ઉતમ સારવારનુ જીવંત ઉદાહરણ છે. ડો. જોષી એ બાળરોગ સર્જરી સપ્તાહ વિશે જણાવતા કહ્યું હતુ કે, બાળરોગ સર્જરી સપ્તાહ એ ઈન્ડિયન એસોસિએશન ઓફ પીડિયાટ્રિક સર્જન્સ દ્વારા બાળરોગ અંગેની સર્જિકલ બિમારીઓ અને તેની સારવાર વિશે જાગૃતિ લાવવા માટેની એક વાર્ષિક પહેલ છે. જે દર વર્ષે જૂન મહીનામાં ઉજવવામાં આવે છે. આ વર્ષે બાળરોગ સર્જરી સપ્તાહ ની થીમ "જન્મજાત ખોડખાંપણ માટે બાળરોગ સર્જન" રાખવામાં આવી છે. બાળરોગ સર્જરી સપ્તાહ પ્રસંગે નાના બાળકો ધરાવતા તમામ માતા પિતાને બાળકોમાં થતી જન્મજાત ખામીઓ તેમજ અન્ય બાળ સર્જીકલ બીમારીઓ વિશે જાગ્રુત રહી પોતાના બાળક માં આવા કોઈપણ લક્ષણ કે તકલીફ જણાય તો તુરંત જ બાળરોગ સર્જન નો સંપર્ક કરવો જોઈએ જેથી વહેલી તકે આવી બીમારીનુ નિદાન કરી બાળકની સમયસર યોગ્ય સારવાર થઈ શકે તેમ ડો. જોષી એ લોકોને સંદેશ આપ્યો હતો.

### ગ્રામ પંચાયતની ચૂંટણીના ઉમેદવારોને રાહત

# સોગંધનામાને બદલે એકરારનામું રજૂ કરી શકશે

## રાજ્ય ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી જિલ્લા કલેક્ટરો અને ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે

અમદાવાદ

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે ગ્રામ પંચાયતોની આગામી ચૂંટણીઓમાં ઉમેદવારી ફોર્મને લઈને એક મહત્ત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. હવે સરપંચ કે ગ્રામ પંચાયતના સભ્યપદના ઉમેદવારો પાસેથી સોગંદનામા (એફિડેવિટ)ને બદલે માત્ર એકરારનામું જ મેળવવામાં આવશે. આ નિર્ણય ગુજરાત કોંગ્રેસે કરેલી રજૂઆત બાદ લેવામાં આવ્યો છે, જેમાં સ્થાનિક ચૂંટણી અધિકારીઓ દ્વારા કાયદાકીય જોગવાઈ ન હોવા છતાં વિવિધ દસ્તાવેજો અને દાખલાઓની માગણી કરવામાં આવતી હોવાની ફરિયાદ કરાઈ હતી.

ગુજરાત કોંગ્રેસે રાજ્ય ચૂંટણી પંચની રૂબરૂ મુલાકાત લીધી હતી અને સમગ્ર ગુજરાતમાંથી આવેલી ફરિયાદો અંગે આવેદનપત્ર સુપરત કર્યું હતું. આ ફરિયાદોમાં સ્થાનિક ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારો પાસેથી કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને જુદા જુદા દાખલા, એફિડેવિટ અને સર્ટિફિકેટ માગવામાં આવતા હોવાનો ઉલ્લેખ હતો. કોંગ્રેસે આ પ્રક્રિયાને ગેરકાયદેસર અને બંધારણ વિરુદ્ધ ગણાવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ, રાજ્ય ચૂંટણી પંચે તાત્કાલિક અસરથી જિલ્લા કલેક્ટરો અને ચૂંટણી અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ઉમેદવારી ફોર્મ સાથે સોગંદનામાને બદલે ફક્ત ઉમેદવારનું એકરારનામું જ સ્વીકારવામાં આવે.

ચૂંટણી પંચે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. પંચે પ્રાંત અધિકારીઓ, મામલતદારો કે તેમને સત્તા સોંપવામાં આવી હોય તેવા કોઈપણ ચૂંટણી અધિકારીને સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જો કોઈ અધિકારી ઉમેદવાર પાસેથી સોગંદનામું માગશે, તો તત્કાળ અસરથી આવા અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશ ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક અને સરળ બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું છે.નોંધનીય છે કે, ગ્રામ પંચાયતોની ચૂંટણી નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગે ૨૫ જેટલા ગુજરાત વહીવટી સેવા કેડરના સિનિયર ઓફિસરોને દરેક જિલ્લાના ચૂંટણી નિરીક્ષક અધિકારી તરીકે નિમણૂક કર્યા છે. આ નિમણૂકો દર્શાવે છે કે પંચ ચૂંટણીની પારદર્શિતા અને નિયમિતતા જાળવવા પ્રતિબદ્ધ છે.

## નવસારીમાં વિદેશ જવાની લાલચ દંપતીને રૂપિયા ૩૦ લાખમાં પડી


નવસારી

નવસારીમાં વિદેશ જવાની લ્હાય દંપતીને મોંઘી પડી છે. અમદાવાદનાં કબૂતરબાજે દંપતીને વિદેશ જવાની લાલચ આપી રૂપિયા ૩૦ લાખ પડાવ્યા છે. નવસારી શહેર પોલીસે ઠગ વિરાજ પટેલની અમદાવાદથી ધરપકડ કરી છે.આજકાલ લોકોમાં કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટન જવાનો ક્રેઝ વધ્યો છે. છેલ્લા કેટલાક વર્ષમાં વિદેશ જનારાઓમાં યુવાનોની સંખ્યા વધુ જોવા મળી છે. લોકોની દેખાદેખીએ અન્ય યુવાનો પણ ગમે તે ભોગે વિદેશ જવા પ્રયાસ કરે છે અને કેટલીક વખત છેતરપિંડીનો ભોગ બને છે. નવસારીમાં વિદેશ જવાની ઘેલછાની દંપતીને મોટી કિંમત ચુકવવી પડી છે. વિદેશ જવાની લ્હાયમાં નવસારીના દંપતીને અમદાવાદનાં ઠગે ચૂનો લગાવ્યો છે. વિદેશ મોકલવાની લાલચ આપી રૂપિયા ૩૦ લાખ પડાવ્યા છે. અમદાવાદના ઠગ વિરાજ પટેલે દંપતીનો ખેલ પાડ્યો હતો. મણિનગરમાં રિકવીર ઓવરસીઝના નામે ઠગ એજન્સી ચલાવતો હતો. દંપતીએ ઠગ પાસે રૂપિયાની માંગણી કરતા અપશબ્દો બોલ્યા હતા. આખરે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચતા કાર્યવાહી કરવામાં આવી છે. નવસારી ટાઉન પોલીસે ઠગને અમદાવાદથી ઉઠાવ્યો હતો, ઠગ વિરાજ પટેલની અમદાવાદથી વિધિવત ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે, તેમજ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.આ પહેલા અમદાવાદના રાણીપમાં કબૂતરબાજ એજન્ટે મહેસાણાના યુવક સાથે વિદેશ જવા બાબતે છેતરપિંડી કરી હતી. કબૂતરબાજ એજન્ટએ વિદેશ વાંચ્છુકને છેતર્યો. અમદાવાદમાં રાણીપ વિસ્તારમાં રહેતા દર્શન નામના એજન્ટે મહેસાણાના યુવકને કેનેડા મોકલવાનું કહી ૧૬.૯૨ લાખ પડાવ્યા. એજન્ટ યુવકને વર્ષ ૨૦૧૯થી એજન્ટ કેનેડાની લાલચ આપતો હતો. ત્રણ વર્ષથી ઉપર સમય થયો હોવા છતાં મહેસાણાનો રાજેન્દ્ર પટેલ નામનો યુવાન વિદેશ જઈ શક્યો નહી. આખરે રાજેન્દ્ર પટેલ નામના ઈસમને તેની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. મહેસાણાના યુવકે ન્યુ રાણીપ અમદાવામાં રહેતા દર્શન નાયક નામના એજન્ટ સામે છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી હતી.

### આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કઈજ નથી તારા માટે

# ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકી સુરતની મોડલનો આપઘાત

## અંજલી વરમોરા નામની યુવતીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જીવન ટૂંકાવતા પોલીસે તપાસ શરૂ કરી



સુરત

સુરતના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અઠવા વિસ્તારમાં આવેલી ખાનગી એજન્સીમાં કામ કરતી મોડલ અંજલી વરમોરાએ આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાએ સ્થાનિક સમુદાય અને સોશિયલ મીડિયામાં ભારે ચર્ચા જગાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે, પરંતુ આત્મહત્યાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અંજલી વરમોરાની છેલ્લી સોશિયલ મીડિયા પોસ્ટ, જે હાલમાં વાયરલ થઈ રહી છે. તેમાં તેણે લખ્યું હતું કે, "આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કઈજ નથી તારા માટે..." આ પોસ્ટે આ ઘટનાને વધુ રહસ્યમય બનાવી દીધી છે અને લોકોમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જોકે, પોલીસે હજુ સુધી આ પોસ્ટની સત્યતા અને તેના સીધા આત્મહત્યા સાથેના સંબંધની પુષ્ટિ કરી નથી. અંજલા વરમોરા એક ઉભરતી મોડલ હતી, જે સુરતના અઠવા વિસ્તારમાં આવેલી ખાનગી એજન્સી સાથે સંકળાયેલી હતી. તેની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર તે ખૂબ જ સક્રિય હતી અને તેની પોસ્ટ્સ દ્વારા યુવાનોમાં લોકપ્રિયતા મેળવી રહી હતી. તેના અચાનક આપઘાતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

અઠવા પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, અંજલીના મોતના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે. તેના પરિવારજનો, મિત્રો અને સાથીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત અંજલીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને તેના ફોનની તપાસ કરવામાં આવી રહી છે, જેથી આત્મહત્યા પાછળનું સાચું કારણ જાણી શકાય.

### ૨૪ કલાકમાં કેસમાં તોતિંગ વધારો

# રાજકોટની ૭૦ સોસાયટીમાં ફેલાયો કોરોના વાયરસ

રાજકોટ

રાજકોટમાં કોરોનાએ હાફ સેન્ચ્યુરી વટાવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, કિશાનપરા, પ્રગતિ સોસાયટી, નેહરુનગર, સરકારી વસાહત ક્વાર્ટર, શક્તિ સોસાયટી, ભોમેશ્વર, હરીનગર અને એ.જી. સોસાયટી પાસેના વિસ્તારોમાં વધુ નવ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજકોટ શહેરમાં કુલ સક્રિય કેસનો આંક ૫૧ પર પહોંચ્યો છે. રાજકોટ શહેરમાં કોવિડ-૧૯ના કેસોમાં ફરીથી વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ નવ નવા કોવિડ-૧૯ના કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટની વિવિધ ૭૦ સોસાયટીઓ સુધી કોરોના ફેલાયો છે. ૨૦ દિવસમાં ૧૦૨ કેસ નોંધાયા છે. દર્દીઓમાં ૫૦ યુવાનોનો પણ સમાવેશ થાય છે. રેસકોર્સ, રામકૃષ્ણ, રૈયારોડ સહિતના વિસ્તારોમાં કોરોનાના બે થી ચાર કેસ નોંધાયા છે. સૌથી વધુ વોર્ડ નંબર ૮ માં ૨૧ કોરોના દર્દીઓ નોંધાયા છે. મોટાભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે. કોરોના સંક્રમિત દર્દીઓ વધતા આરોગ્ય તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે. તો બીજી તરફ, સુરત શહેરમાં કોવિડના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં ૬ દર્દીના કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અડાજણના **BOB**ના કર્મી, પાર્લેપોઈન્ટની મહિલા ફેશન ડિઝાઈનર કોરોના પોઝિટિવ આવ્યા. રૂસ્તમપુરાના યુવાન સોફ્ટવેર એન્જિનિયર કોવિડ પોઝિટિવ નોંધાયો. સુરત શહેરમાં અત્યાર સુધીમાં કુલ આંકડો ૫૬ પર પહોંચ્યો છે. તમામ દર્દીઓનું સેમ્પલ સરકારની ગાઈડલાઈન મુજબ જિનોમ સિક્વન્સિંગ માટે ધ્મ્ઇઝ, ગાંધીનગર ખાતે મોકલાયા છે.

વડોદરા શહેરમાં કોરોનાએ ફરી એકવાર દસ્તક આપી છે. કોરોનાના નવા ૬ કેસ સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. એસએસજી હોસ્પિટલના આરએમઓ ડૉ હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું કે, કોરોનામાં અગાઉ જે નિયમોનું પાલન કર્યું હતું તે નિયમો નું હવે ફરી પાલન કરવું. માસ્ક પહેરવું, સોશ્યિલ ડિસ્ટટ જાળવવું, ભીડભાળ વાળા સ્થળે જવાનું ટાળવું. આ વેરિઅન્ટ એટલો ખતરનાક નથી પરંતુ તકેદારી લેવી જરૂરી છે.

### સરકારનો સામાન્ય અને મધ્યમ વર્ગ માટેના વિકાસનો સંકલ્પ છે

# પોરબંદર શહેરી કક્ષાનો સેવાસેતુ, મેડીકલ કેમ્પ અને ઇ-ખાતમુહૂર્ત -લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## સેવા સેતુ કાર્યક્રમ એટલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સામાન્ય અને મધ્યમ વર્ગ માટેના વિકાસનો સંકલ્પ છે:કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા



પોરબંદર

શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત વિભાગ, કેન્દ્રીય મંત્રી અને પોરબંદર જિલ્લાના સાંસદ ડૉ.મનસુખભાઈ માંડવિયાના અધ્યક્ષ સ્થાને તાજાવાલ હોલ, પોરબંદર ખાતે પોરબંદર શહેરી કક્ષાનો સેવાસેતુ, મેડીકલ કેમ્પ અને ઇ-ખાતમુહૂર્ત -લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે,સેવા સેતુ કાર્યક્રમ એટલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારનો સામાન્ય અને મધ્યમ વર્ગ માટેના વિકાસનો સંકલ્પ છે. અને સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોના રેશનકાર્ડ,આધાર કાર્ડ, સહિતની સેવાઓ એકજ જગ્યાએ મળી રહે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કામ કરવાની પદ્ધતિ બદલી છે સામાન્ય માણસના કામ સરકાર દ્વારા થાય અને તેમની જરૂરિયાત મુજબની સેવાઓનો લાભ તેમને કોઈ અગવડતા વિના મળે તે દિશામાં સરકાર દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે.તેમણે સ્વનિધિ યોજના સફળતાની વાત કરતા જણાવ્યું હતું કે, સ્વનિધિ યોજનાને કારણે નાના માણસોને ધંધો રોજગાર કરવા માટે જ્યારે આર્થિક જરૂરિયાત ઊભી થાય ત્યારે તેમને કોઈપણ ગેરંટી વિના લોન આપવામાં આવે છે જેથી નાના માણસોને ઊંચા વ્યાજે નાણા લેવામાંથી મુક્તિ મળી છે. અને સેવાસેતુ કાર્યક્રમ સાથે મેડિકલ કેમ્પને જોડીને લોકોના હેલ્થની પણ ચેકઅપ થઈ જાય તે માટેની વ્યવસ્થાઓથી લોકોને ફાયદો થઈ રહ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, સેવાસેતુ સહિતના કાર્યક્રમાંથી લોકોની સુવિધામાં વધારો કરીને લોકોની સુખાકારી વધે અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે દિશામાં વિકાસ કાર્યો કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતનો સંકલ્પ સાકાર થાય તે દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે.

રાજય સભાના સાંસદ રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતું. કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ પારદર્શક વહીવટીના કારણે ખેડૂતોને તેમની પેદાશોના પોષણક્ષમ ભાવો તેમજ નાગરિકોને વિવિધ યોજનાઓનો લાભ લોકોને મળી રહ્યો છે. અને પોરબંદરનો વિકાસ થાય તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું તે બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો.

પોરબંદર ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા જણાવ્યું હતું કે, દેશ અને દુનિયામાં અનેક બદલાવો આવે છે આ બદલાવમાં દુનિયાના દેશો કદમ મિલાવવા અને સ્થિતિ જાળવવા માટે ચિંતા કરે છે.

જ્યારે આપણો દેશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૪૭માં વિકસિત ભારત બને તે દિશામાં આગળ વધી રહ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે પાંચ ટ્રીલીયન ડોલરની ઈકોનોમી બનાવવાના સંકલ્પમાં આપણા દેશે અત્યારે ૪.૧૮ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવીને દુનિયાના દેશોમાં ચોથા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વધુમાં ધારાસભ્યએ જણાવ્યું કે વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પ માટે ગુજરાતે પણ આગળ વધવું પડશે તેના માટે પોરબંદરનો પણ વિકાસ જરૂરી છે.તે માટે પોરબંદરમાં અનેક વિકાસ કાર્યો હાથ ધરીને પોરબંદર જિલ્લો પ્રવાસન ક્ષેત્રે પણ આગળ વધે તે માટે પોરબંદરમાં મૂળ દ્વારકા પાસે બીચ બનવા જઈ રહ્યો છે સાથે પોરબંદરની બંને બાજુએ આવેલા દ્વારકા અને સોમનાથ ખૂબ વિશાળ પ્રવાસન ધરાવે છે તેનો પણ લાભ પોરબંદરને મળે તે માટે પોરબંદરમાં ગાંધી કોરિડોર બનાવવા આવશે અને પ્રવાસનક્ષેત્રે જિલ્લાનો વિકાસ થાય તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. અને તેમણે સૌએ સહિયારા પ્રયાસોથી હકારાત્મક અભિગમ અપનાવીને આપણા પોરબંદરને ગુજરાતનું શ્રેષ્ઠ શહેર બનાવવા અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે પોરબંદર મહાનગર પાલિકાના રૂ.૧૧.૯૬ કરોડના ૧૬ કામોનું ઇ-ખાતમુહૂર્ત અને વિવિધ યોજનાઓના સહાય હુકમ અને કીટ વિતરણ અને સેવાભાવી સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અને આભારવિધિ નાયબ મ્યુ.કમિશનર શ્રી મનન ચતુર્વેદીએ કરી હતી. અને ત્યારબાદ નટવરસિંહ કલબ પોરબંદર ખાતે કેન્દ્રીયમંત્રીએ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતમાં આપણું પોરબંદર ગ્રીન પોરબંદર અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ તકે પોરબંદર જિલ્લા પંચાયત પ્રમુખ પરબતભાઈ પરમાર,તાલુકા પંચાયત પ્રમુખ લીરીબેન ખુટી,પુર્વ કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા, પોરબંદર ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી બી.બી ચૌધરી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, રીજીઓનલ ડાયરેક્ટર હેમંત કુમાર પાંડે, અધિક કલેક્ટર જે. બી. વદર,પોરબંદર મહાનગર પાલિકાના નાયબ કમિશનર હર્ષ પટેલ,અગ્રણી સર્વ ચેતનાબેન તિવારી, ઢેલીબેન ઓડેદરા,અશોકભાઈ મોઢા, રાજશીભાઈ સહિતના અગ્રણીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# બે યુવકોએ આર્થિક તંગીથી કંટાળીને મોત વ્હાલું કર્યું

## છેલ્લા બે વર્ષથી શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હતું : આર્થિક સંકડામણના કારણે યુવકનો આપઘાત

સુરત

સુરતમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે. આર્થિક સંકડામણને કારણે સુરતના રત્ન કલાકારે આપઘાત કર્યો છે. જહાંગીરપુરામાં યુવાન રત્નકલાકારે ફાંસો ખાંઈ જીવન ટુંકાવી લીધું છે. છેલ્લા બે વર્ષથી શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હતું. આર્થિક સંકડામણના કારણે યુવકે આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. યુવકે સ્યુસાઈડ નોટમાં પોતે શેરબજાર અને ક્રિપ્ટોમાં નુકશાનીના કારણે દેવું થઈ જતા પગલું ભરી રહ્યા હોવાનો ઉલ્લેખ કર્યો છે.

અંકુરપાર્ક સોસાયટીમાં રહેતા ૩૧ વર્ષીય જયદિપ વિનયચંદ્ર ડોબરીયા અગાઉ હીરાના કારખાનામાં કામ કરતા હતા. રત્નકલાકાર યુવક મંદીના લીધે છેલ્લા ઘણા સમયથી બેકાર હતો. યુવકે તેમણે પોતાના ઘરે પહેલા માળે બેઠક રૂમમાં પંખા સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ લીધો. જયદિપભાઈએ આપઘાત પહેલા પોતાની દીકરીની નોટબુકમાં પાછળના પાના પર સ્યુસાઈડ નોટ લખીને છોડી છે. જેમાં તેમણે ‘હું આપઘાત કરૂ છું તેમાં કોઈનો હાથ નથી. હું મારી મરજીથી આર્થિક સંકડામણના કારણે પગલું ભરૂ છું. મેં જેને પૈસા આપ્યા છે તેમણે મને નથી આપ્યા તેનો મને કોઈ ગમ નથી’ તેવો ઉલ્લેખ કર્યો છે. જયદીપે બે વર્ષમાં શેરબજારમાં અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હોવાથી આર્થિક સંકડામણ અનુભવતા હોવાનો પણ તેમાં ઉલ્લેખ કર્યો.

સુરતમાં વધુ એક યુવકનો આર્થિક તંગીના લીધે આપઘાત કર્યો છે. પાંડેસરાના દક્ષેશ્વર નગરમાં ૨૫ વર્ષીય યુવકે આપઘાત કર્યો. વિશાલ નરવાડે નામના યુવકની મંદીના લીધે નોકરી છૂટી ગઈ હતી. યુવક ૫ મહિનાથી નોકરીની શોધમાં હતો. યુવકને નોકરી ન મળતા ૫ મહિનાથી બેરોજગાર હોવાથી ઘરમાં આર્થિક તંગી સર્જાઇ હતી. યુવકે પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે. પાંડેસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે. યુવક બેરોજગાર હોવાથી લોનના હપ્તા પણ ભરી શક્તો ન હતો.






PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).